# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજયની તમામ વિજ્ઞાન પ્રવાહ ધરાવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના પરીક્ષાર્થીઓની શાળા કક્ષાના વિષય કોમ્પ્યુટર(૩૩૨)ની પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએથી લેવામાં આવેલ છે. કોમ્પ્યુટર(૩૩૨) વિષય ધરાવતા પરીક્ષાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઇટ **scischool.gsebpractical.in** અથવા **gsebpractical.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા ઓનલાઇન તા.૧૭/૦૩/૨૦૨૨ થી તા.૨૬/૦૩/૨૦૨૨ દરમ્યાન ભરવાના રહેશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા અને સમય મર્યાદામાં વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના ગુણ ઓનલાઇન ભરવા જણાવવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની વિજ્ઞાન પ્રવાહ(ક) શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવાનો રહેશે.

નોંધ:-પરીક્ષાર્થીઓના ગુણ પરીક્ષાર્થીઓના માર્ચ-૨૦૨૨ ની પરીક્ષાના આવેદનપત્રોના અરજી નંબર/SID NUMBER અથવા નામના આધારે ભરવાના રહેશે. ઓનલાઇન ગુણ ભરવા માટેની તમામ સૂચનાઓ આપની શાળાના ઇન્ડેક્ષ નંબર અને નોંધાયેલ મોબાઇલ નંબરથી લોગીન કર્યા બાદ ઓનલાઇન મળી રહેશે.

(ડી. કે. મહેતા)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૧૭/૦૩/૨૦૨૨
સ્થળ :- ગાંધીનગર